ટ્રેનમાંથી ગાંજા સાથે ઝડપાયેલા પરપ્રાંતીય યુવકને 10 વર્ષની સખત કેદની સજા

આરોપી પુરી-અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાંથી 32.250 કિલો ગ્રામ ગાંજા સાથે ઝડપાયો હતો

સુરતઃ પાંચ વર્ષ પહેલા પુરી-અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાંથી 32.250 કિલો ગ્રામ ગાંજા સાથે ઝડપાયેલા કતારગામના પરપ્રાંતિય યુવકને કોર્ટે કસૂરવાર ઠેરવી 10 વર્ષની સખત કેદની સજા અને એક લાખ રૂપિયાનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો.

તારીખ ૧૪/૦૭/૨૦૧૯ના રોજ કલાક ૩.૦૦ વાગ્યાનાં અરસામાં નંદુરબારથીપુરી-અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાં પેટ્રોલિંગ દરમિયાન પોલીસને રીઝર્વેશન કોચ નં.એસ/૬ સીટ નં.૧૧ માં ચેકિંગ દરમિયાન એક પેસેન્જર પાસે ૩ લાલ કલરની ૨ મોટી અને ૧ નાની બેગમાં ગાંજો હોવાની શંકા ગઈ હતી. જે શંકા આધારે પોલીસે પસેન્જર એમ્બ્રોઇડરી કારીગર ૧૯ વર્ષીય સિલ્લુ અભિમન્યુ પાન્ડી (રહે. કતારગામ જી.આઈ.ડી.સી., બડા ગણેશ મંદિર થી આગળ, અંબાજી મંદિર પાસે, પતરાની ચાલીમાં, રમેશ પાંડેનાં મકાનમાં, સુરત. મૂળ ગામ- ધનરજયપુર, રાધાકિષ્ણના મંદિર પાસે, તા. કોદલા, થાના કોદલા, જી. ગંજામ, ઓરિસ્સા)ની ત્રણેય બેગ બાબતે પૂછપરછ કરી હતી. જેમાં બેગો તેની તથા તેની સાથે મુસાફરી કરતા બાળ ગુનેગારની હોવાનું જણાવ્યું હતું. બાદમાં પોલીસે અને બન્ને બેગમાં શું છે તેમ પુછતા ગભરાઈ ગયો હતો, અને તેમાં ગાંજો છે, તેવું જણાવ્યું હતું. તે સમયે પોલીસની એનડીપીએસની ટીમે રૂપિયા ૧,૯૩,૫૦૦ના ૩૨ કિલો ૨૫૦ ગ્રામ ગાંજો સાથે ઝડપી પાડી સુરત રેલવે પોલીસના હવાલે કરતાં બંને સામે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરાઈ હતી, પોલીસની પૂછપરછમાં બંને આરોપીને ખલીકોટ રે સ્ટેશનથી આરોપી મનોજ બિનાયકે ગાંજાનો જથ્થો આપ્યો હોવાનું સામે આવ્યું હતું. આ કેસ સુરતની સ્પેશિયલ (એન.ડી.પી.એસ)ની કોર્ટમાં ચાલ્યો હતો. જેમાં ફરિયાદી તરફે એપીપી જે.એન. પારડીવાળાએ દલીલ કરી હતી. બંને પક્ષની દલીલો આધારે કોર્ટે આરોપી સિલ્લુ પાન્ડી કસૂરવાર ઠેરવી 10 વર્ષની સખત સજા અને એક લાખ રૂપિયાનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો.

રાંદેરમાં મૂકબધિર પુત્રવધુ સાથે દુષ્કર્મ કેસમાં 70 વર્ષીય સાવકા સસરાને 10 વર્ષની કેદ

સુરતઃ રાંદેર વિસ્તારમાં મૂકબધિર પુત્રવધુ સાથે દુષ્કર્મ અને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરનારા સાવકા સસરાને કોર્ટે કસૂરવાર ઠેરવી 10 વર્ષની સખત કેદની સજા અને 10 હજારનો દંડ ફટકાર્યો હતો. આ કેસની વિગત એવી છે કે, રાંદેરમાં રહેતી મૂકબધિર મહિલાનો પતિ તા.૨૮.૦૯.૨૦૧૮ના રોજ શાકભાજી વેચવા માટે ગયો હતો. તેમજ સાસુ તથા નણંદ ઘરકામ કરવા માટે ગયા હતા. આ દરમિયાન મૂકબધિર મહિલા ઘરમાં એકલી હતી. દરમિયાન તેણીના સાવકા સસરાએ એકલતાનો લાભ મૂકબધિર પુત્રવધુ સાથે દુષ્કર્મ અને સૃષ્ટી વિરુદ્ધનું કૃત્ય કર્યું હતું. આ કેસમાં ફરિયાદી પક્ષે વકીલ એપીપી વી.એલ ફળદુએ મહત્તમ સજાની માંગ કરી હતી. બંને પક્ષની દલિકો બાદ કોર્ટે આરોપીને કસૂરવાર ઠેરવી 10 વર્ષની સખત કેદની સજા અને 10 હજારનો દંડ ફટકાર્યો હતો.

સચિન ચેકપોસ્ટ પાસે કેદીઓ ભરેલી પોલીસ બસ ટ્રકમાં ઘૂસી ગઈ

(તસવીર : સતીષ જાદવ)

બસ કોર્ટથી લાજપોર જઈ રહી હતી, ઈજાગ્રસ્ત કેદીઓને હોસ્પિટલ ખસેડાયા

સુરતઃ સચિન વિસ્તારમાં કેદીઓને કોર્ટમાંથી જેલમાં લઈ જઈ રહેલી પોલીસ બસને ગંભીર અકસ્માત નડ્યો હતો. કેદીઓ ભરેલી પોલીસ બસ ટ્રકમાં ઘૂસી ગઈ હતી. આ ઘટનામાં કેટલાક આરોપીઓને ઈજા પહોંચી છે. જેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સચિન વિસ્તારમાં કેદીઓથી ભરેલી પોલીસ બસનો ટ્રક સાથે અકસ્માત થયો હતો. જેમાં કેટલાક કેદીઓને ઈજા થઈ અને તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના સચિન ચેકપોસ્ટ નજીક બની હતી. જ્યાં બસ કોર્ટમાંથી લાજપોર જેલ તરફ જઈ રહી હતી. બસમાં 20થી વધુ કેદીઓ અને 30થી વધુ પોલીસ જવાનો હતા. અકસ્માત ઓવરટેક દરમિયાન થયો હતો, જેમાં બસ આગળ જતા ટ્રક સાથે અથડાઈ હતી. જેથી ઈજાગ્રસ્ત કેદીઓને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં તેમની સારવાર કરાઈ હતી જ્યારે અન્ય કેદીઓ અને જવાનોને બીજી પોલીસ વાન દ્વારા સુરક્ષિત લાજપોર જેલ પહોંચાડવામાં આવ્યા હતા. પોલીસે અકસ્માતના કારણોની તપાસ શરૂ કરી છે, જેમાં ટ્રક ડ્રાઈવરની બેદરકારી કે અન્ય કારણોથી શક્યતા તપાસી રહી છે. ઈજાગ્રસ્ત કેદીઓની હાલત સ્થિર છે.

"સદ્દામ-ગોડિલ ગેંગ કો સલામ દુઆ કિયે બિના યહાં કોઈ નહીં આ શકતા, યહ મેરા ઈલાકા હૈ"

સદ્દામ - ગોડિલગેંગે લિંબાયતના વેપારીના રોકડા 6.70 લાખ લૂંટી લીધા

ગળા પર રેમ્બો છરો મૂકી વેપારીને લૂંટી લેનાર ત્રણ સામે ગુનો નોંધાયો

સુરતઃ લિંબાયત વિસ્તારમાં રહેતા રેતી-કપચી વેપારી પોતાના મિત્ર સાથે બાઈક રોકડા રુપિયા 6,70,000 લઈ બાઈક પર નીકળ્યા હતા ત્યારે સરદાર હોસ્પિટલ સામે તેમને ફિલ્મી ઢબે કુખ્યાત સદ્દામ-ગોડિલ ગેંગે હુમલો કરી બેગ લૂંટી લીધી હતી.

લિંબાયત મદીના મસ્જીદ પાસે આવેલા શાસ્ત્રીચોકમાં રહેતા અઝરુદ્દીન અલી ગોગા રેતી-કપચીનો વેપાર કરે છે. ગઇ તા 12 ફેબ્રુઆરી-2025ના રોજ સાંજે સવા સાત વાગ્યે તેઓ તેમના મિત્ર ફરહાન સાથે રોયલ એનફીલ્ડ બુલેટ પર વેડરોડ વિસ્તારમાં આવ્યા હતા. ત્યારે અચાનક સફેદ રંગની હ્યુન્ડાઈ વેન્યુ કારમાં ત્રણ શખ્સો ત્યાં આવી પહોંચ્યા હતા. જેમાં ડ્રાઈવિંગ સીટ પર સાહિદ શબ્બીર ગોડિલ તેની બાજુમાં ઈમ્તીયાઝ ઉર્ફે ઈમ્તીયાઝ સદ્દામ ઈકબાલ બચાવ અને પાછળની સીટ પર ફૈસલ ઈકબાલ બચાવ બેઠા હતા. કારમાંથી ઉતરીને ઈમ્તીયાઝ બચાવે "સદ્દામ-ગોડિલ ગેંગ કો સલામ દુઆ કિયે બિના યહાં કોઈ નહીં આ શકતા, યહ મેરા ઈલાકા હૈ". તેમ કહ્યું હતું. ફૈસલ અને સાહિદે વેપારીને પકડી રાખ્યો હતો જયારે ઈમ્તીયાઝ બચાવે "રેમ્બો" છરો બહાર કાઢી વેપારીના ગળા પર મૂકી રોકડ ભરેલી બેગ ઝૂંટવી લીધી હતી. ઘટનો સ્થળે વેપારી બુમાબુમ કરતા આજુબાજુ લોકો ભેગા થવા લાગ્યા હતાએટલામાં આરોપીઓએ વેપારીને ચેતવણી આપી કે"ઈસ બાર તુમ લોગ બચ ગયે હો, દુબારા યહા આયે તો જાન સે માર દુંગા"તેમ કહી કારમાં બેઠા અને કોઝવે રોડ તરફ નાસી છૂટ્યા હતા. આ ઘટનાની ફરિયાદ થતાં ચોકબજાર પોલીસે ઈમ્તીયાઝ ઉર્ફે ઈમ્તીયાઝ સદ્દામ ઈકબાલ બચાવ (રહે. અલફેશાની ટાવર જિલાની બ્રિજ પાસે રાંદેર) ફૈસલ ઈકબાલ બચાવ (રહે. અલફેશાની ટાવર જિલાની બ્રિજ પાસે રાંદેર) તથા સાહિદ શબ્બીર ગોડિલ (રહે. ટવીન હાઈટસ રાંદેર) વિરુદ્ધ લૂંટનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

કેટલાક લોકો સમય પસાર કરવા BRTS બસની પાળી પર બેસે છે

અમરોલી બીઆરટીએસ રૂટમાં બસના પાછલા પૈડા ફરી વળતા રાહદારીના બંને પગ કચડાયા

સુરત : શહેરમાં મનપાની બસ સેવા ફરી એકવાર વિવાદના કેન્દ્રમાં આવી છે. બુધવારે સાંજે 4.53 વાગ્યે અમરોલી ચાર રસ્તા નજીક 16 નંબરની બીઆરટીએસ બસના પાછળના વ્હીલ નીચે એક વ્યક્તિના બંને પગ કચડાઈ ગયા. સીસીટીવી ફૂટેજ મુજબ, વ્યક્તિ કોરિડોરની પાળી પર બેઠેલી હતી. બસ પસાર થયા બાદ તેણે ઉભો થવાની કોશિશમાં બેલેન્સ ગુમાવી દીધું અને વ્હીલ નીચે આવી જતા ગંભીર રીતે ઘાયલ થયો. હાલ ઘાયલનું નામ-સરનામું મોડીરાત સુધી જાણવા મળ્યું ન હતું. બસમાં તે સમયે 15થી વધુ મુસાફરો સવાર હતા. મનપાના તંત્રએ એવો બચાવ કર્યો હતો કે, બીઆરટીએસની કોરિડોરમાં ખાનગી વાહન ચલાવવું, ચાલવું કે પાળીએ બેસવું પ્રતિબંધિત છે. છતાં કેટલીક જગ્યાએ લોકો પાળીએ બેસી રહે છે જેના કારણે દુર્ઘટનાઓ બને છે. જોકે આ દલીલ તંત્રની જવાબદારીને હળવી કરવા જેવી લાગી રહી છે કારણ કે વારંવાર થતા અકસ્માતો છતાં સલામતીના પગલાં અમલમાં લેવામાં આવ્યાં નથી.આ બનાવ બાદ વિપક્ષી સભ્ય વિપુલ સુહાગિયાએ વિરોધ કરતાં જણાવ્યું કે, પાલિકાની બસો તો યમરાજની જેમ દોડે છે. સુરત શહેરમાં રોડ પર ઉતરતા લોકો ડરી જાય તેવો માહોલ સર્જાયો છે. અત્યાર સુધી સિટી બસના અકસ્માતોમાં સેકડો જાનહાનિ થઈ ગઈ છે, છતાં તંત્ર બોધપાઠ લેતું નથી. અકસ્માતો બાદ માત્ર દલીલો આપવામાં આવે છે, પણ ડ્રાઈવરો પર કડક કાર્યવાહી કે સુરક્ષા વ્યવસ્થામાં સુધારો થતો નથી. શાસકોની ઝીરો એક્સિડન્ટ પોલિસીનું પડીકુ વળી ગયું હોવાનો કટાક્ષ પણ તેમણે કર્યો હતો.

14.47 લાખના દાગીના ચોરનાર કર્ણાટકના ત્રણ આરોપી ઝડપાયા

કર્ણાટકના દાનવગેર શહેરમાં થયેલી ચોરીનો ભેદ સારોલી પોલીસે ઉકેલી કાઢ્યો

સુરત : કર્ણાટકના દાનવગેર શહેરમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલી કાઢી સારોલી પોલીસે ત્રણ આરોપીને ઝડપી પાડ્યા હતાં તેમની પાસેથી ચોરીના સોના-ચાંદીના દાગીના, રોકડ, મોબાઈલ અને ઘડિયાળ સહિતનો 14,47,617નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. સારોલી પોલીસ સ્ટેશનના પીઆઈ તેમજ સર્વેલન્સ સ્ટાફના PSI સહિતનો કાફલો નિયોલ ચેક પોસ્ટ ખાતે વાહનચેકિંગ કરી રહ્યો હતો તે દરમિયાન બાતમીના આધારે આરોપીઓ (1) શ્યામસિંહ માનસિંહ રાવત (રહે. રાયપુર, જિલ્લો - બ્યાવર, રાજસ્થાન), (2) કવરપાલ ત્રિલોકસિંહ રાવત (રહે. જાવાજા, જિલ્લો - બ્યાવર, રાજસ્થાન), (3) પ્રતાપસિંહ લક્ષ્મણસિંહ રાવત (રહે, જાવાજા, બ્યાવર,રાજસ્થાન)ને ઝડપી લીધા હતા. તેમની સામે કર્ણાટકના દાવનગેરે શહેરમાં વિદ્યાનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

આરોપીઓ પાસેથી કબ્જે લેવાયેલો મુદ્દામાલ

સોનાના દાગીનાઃ 175.22 ગ્રામ (કિ.રૂ. 12,05,995)
ચાંદીના દાગીના અને વસ્તુઓઃ 1362.83 ગ્રામ (કિ. રૂ. 1,09,022)
મોબાઇલ ફોનઃ 6 નંગ (કિ.રૂ. 34,000)
ઘડિયાળઃ 2 નંગ (કિ.રૂ. 3,000)
રોકડા રૂપિયાઃ રૂ. 95,600
કુલ મળેલ મુદ્દામાલની કિમત રૂ. 14,47,617 થાય છે.

પંજાબ નૈશનલ બેંક punjab national bank ...भरोसे का प्रतीक ! ...the name you can BANK upon!

એઆરએમબી, સુરત : પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત–૩૯૫૦૦૩
ફોન : ૯૭૨૯૨૨૫૦૮૮
ઈમેઈલ : cs8323@pnb.co.in

સ્થાયી મિલકતની ઈ–હરાજીથી વેચાણ અંગેની જાહેર નોટીસ

સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના નિયમ ૮(૬) સાથે વાંચતા સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ સ્થાયી મિલકત માટેની ઈ–હરાજીની વેચાણ નોટીસ. આથી અહીં જાહેર જનતા અને ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિકયોર્ડ ક્રેડીટર્સને હાઈપોથીકેટેડ/ગીરવે/ચાર્જ કરેલ કે જેનો સાંકેતિક/પ્રત્યક્ષ કબજો પંજાબ નેશનલ બેંક, સિકયોર્ડ ક્રેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે **તારીખ ૨૦.૦૯.૨૦૨૫ ના રોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી જરૂર જણાય તો ૧૦ મિનીટના વધારા સાથે** પંજાબ નેશનલ બેંક, સિકયોર્ડ ક્રેડીટર્સ દ્વારા નીચે દર્શાવેલ દેવાદારો, ગીરવેદારો અને નીચે દર્શાવેલ જામીનદારોના બાકી રકમ માટે ઈ–હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. સ્થાયી મિલકતની વિગત સરકારી/અર્ધસરકારી લેણાંની વિગત જો હોય તો તેની સાથે નીચે મુજબ છે.

ઈ–હરાજી તા.૨૦.૦૯.૨૦૨૫ । નિરીક્ષણ તા.૧૨.૦૯.૨૦૨૫ । (સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી)

નં.	શાખાનું નામ / ખાતાનું નામ / દેવાદાર/ જામીનદારોનું નામ અને સરનામું	સુરક્ષિત કરેલ મિલકતની વિગત – ગીરવે મુકેલ સ્થાયી મિલકતની વિગત અને માલિકનું નામ (મિલકતો ના ગીરવેદારો)	અ) સરફેસી એકટ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ માંગણા નોટીસની તારીખ / બ) બાકી રકમ / ક) સરફેસી એકટ ૨૦૦૨ની કલમ ૧૩(૪) હેઠળ લીધેલ કબજાની તારીખ / ડ) કબજાનો પ્રકાર સાંકેતિક/પ્રત્યક્ષ/રચનાત્મક	અ) અનામત કિંમત / બ) ઈએમડી / ક) બોલી વધારાની રકમ (રૂ.લાખમાં)	સુરક્ષિત લેણદારની જાણમાં હોય તેવા અન્ય બાકીની વિગત / Property ID :
૧	**પીએનબી :ઉધના રોડ શાખા (૪૫૩૫૦૦)** **મેસર્સ એસવી સ્ટીલ (ભાગીદારો) શ્રી સમીર બરકતઅલી વિરાણી શ્રી નાદીર બરકતઅલી વિરાણી** શ્રી કિષ્ણા ડાઈંગ મીલ પાછળ, પ્લોટ નં. એ/૧૭–૭, રોડ નં. ૦૬, ઉધના, સુરત, ગુજરાત– ૩૯૪૨૧૦ **મેસર્સ એએસવીઆઈ સ્ટીલ (ભાગીદારો શ્રી સમીર બરકતઅલી વિરાણી અને શ્રી નાઝીર બરકતઅલી વિરાણી)** બ્લોક નં. ૨૬, પારડી કણ્ડે, બકરા મંડી સામે, સચીન પલસાણા રોડ, સુરત, ગુજરાત– ૩૯૪૨૩૦ **શ્રી સમીર બરકતઅલી વિરાણી** પ્લોટ નં. ૩૯/બી, ફલેટ નં. ૧૦૧, ગ્રેસ, કરીમાબાદ સોસાયટી, ઘોડદોડ રોડ, સુરત મ્યુનિશીયલ કોર્પોરેશન, સુરત. ગુજરાત– ૩૯૫૦૦૧. **શ્રી નાઝીર બરકતઅલી વિરાણી (મેસર્સ એએસવીઆઈ સ્ટીલ અને મેસર્સ એસવી સ્ટીલના ભાગીદાર અને જામીનદાર)** બંગલો નં. ૧૭, ૧લો માળ, બીએસએનએલ ઓફિસ પછી, કરીમાબાદ સોસાયટી, ઘોડદોડ રોડ, સુરત મ્યુનિશીયલ કોર્પોરેશન, સુરત. ગુજરાત– ૩૯૫૦૦૧. **શ્રી નાદીર બરકતઅલી વિરાણી** પ્લોટ નં. ૩૯/બી, ફલેટ નં. ૪૦૧, ગ્રેસ, કરીમાબાદ સોસાયટી, ઘોડદોડ રોડ, સુરત મ્યુનિશીયલ કોર્પોરેશન સુરત. ગુજરાત– ૩૯૫૦૦૧. **શ્રી ફરીદાબેન બરકતઅલી વિરાણી (મેસર્સ એસવી સ્ટીલ અને મેસર્સ એએસવીઆઈ સ્ટીલ ના જામીનદાર)** બી/૨૦૧, લવલી પાર્ક, કરીમાબાદ સોસાયટી, ડિવાઈન ચાઈલ્ડ સ્કુલની સામે, ઘોડદોડ રોડ, સુરત સીટી, નાનપુર, ગુજરાત– ૩૯૫૦૦૧.	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી ઈન્ડસ્ટ્રીયલ મિલકત કે જે ઉધના ઉદ્યોગ નગર સહકારી સંઘ લીમીટેડ પ્લોટ નં. ૭ (એ/૧૭/૭) બ્લોક નં. એ/૧૭, ન્યુ રેસનં. બ્લોક નં. ૧૪૦ થી ૧૫૦ પૈકી એ/૧૭/૭) જે જમીન રે.સ/બ્લોક નં. ૧૪૦ થી ૧૫૦ પૈકી ગામ ઉધના, સુરત ખાતે આવેલ છે. જેના માલિક સમીર બરકતઅલી વિરાણી છે. આ મિલકત ના એરીયા માપ ૫૦૧.૬૭ ચો.મીટર જેની ચર્તુદિશા : **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં. ૮, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં. ૬, **પુર્વ તરફ** : જોડેનો રોડ નં.૬, **પશ્ચિમે તરફ** : જોડેનો ૧૫ ફુટ લેન આવેલ છે.	અ) ૩૧.૦૧.૨૦૨૫ **બ) રૂા.૬,૩૧,૪૪,૮૪૬.૨૬ તા. ૩૧.૦૮.૨૦૨૫ ના રોજના** + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ ક) ૧૭.૦૪.૨૦૨૫ ડ) સાંકેતીક કબજો	અ) રૂા.૩૩૫.૭૦ બ) રૂા.૩૩.૫૭ ક) રૂા.૨.૦૦	PUNB 4535SVASVI PLOT7 જાણમાં નથી
૩	**પીએનબી : રીંગ રોડ, સુરત (૦૧૦૨૧૦)** **મેસર્સ હેવેન ટેક્ષટાઈલ્સ પ્રા.લિ.** ફલેટ નં. સી–૨૦૨, રજો માળ, જય શ્રી રાધા ક્રિષ્ન એપાર્ટમેન્ટ, ગામ કડોદરા, સુરત સીટી, જી.સુરત–૩૯૪૩૨૭ **જામીનદાર /ગીરવેદાર :–** **૧. ગોવિંદભાઈ ટી. પટેલ :** ફલેટ નં. એ–૨૦૪, રજો માળ, બીલ્ડીંગ નં. એ, જય શ્રી રાધા ક્રિષ્ન એપાર્ટમેન્ટ, અંકુર એપર્ટમેન્ટ સામે, હોમીયોપેથીક કોલેજ પાછળ, ભટાર રોડ, તા. સુરત સીટી, જી.સુરત–૩૯૫૦૦૭ **૨. હસમુખ ટી. પટેલ, ૩. ભગવતીબેન એચ. પટેલ, ૪. કેનીલ એચ. પટેલ** : ફલેટ નં. સી– ૨૦૨, રજો માળ, બીલ્ડીંગ નં. સી, જય શ્રી રાધા ક્રિષ્ન એપાર્ટમેન્ટ, અંકુર એપર્ટમેન્ટ સામે, હોમીયોપેથીક કોલેજ પાછળ, ભટાર રોડ,તા. સુરત સીટી, જી.સુરત–૩૯૫૦૦૭	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત **જય શ્રી રાધા ક્રિષ્ન એપાર્ટમેન્ટ** ના રજા માળનો રહેણાંકનો ફલેટ નં.સી–૨૦૨, રેવન્યુ સર્વે નં.૧૬, ટી.પી.સ્કીમ નં.૬, ફાઈનલ પ્લોટ નં.૬૧/૩ (મજુરા–ખટોદરા, સબ પ્લોટ નં.એ થી ડી, ગામ ખટોદરા, સુરત સીટી, જી.સુરત ખાતે **ભગવતીબેન હસમુખભાઈ પટેલ ની માલિકીનો આવેલ છે.**	અ) ૦૧.૦૭.૨૦૧૫ **બ) રૂા.૮૧,૨૫,૨૨૯.૦૦ તા. ૩૧.૦૫.૨૦૨૫ ના રોજના** + તેના ઉપરના ખર્ચાઓ ક) ૨૩.૦૯.૨૦૧૫ ડ) સાંકેતિક કબજો	અ) રૂા.૨૩.૦૭ બ) રૂા.૨.૩૧ ક) રૂા.૦.૨૫	PUNB 717000 HEA202 જાણમાં નથી
૪	**પીએનબી : દેવકા બીચ દમણ(૭૧૭૦૦૦)** **મેસર્સ માર્ક એન્ટરપ્રાઈઝીસ (માલિક : શ્રી શાહનવાઝ લાયકએહમદ શેખ) :** ફલેટ નં. ૧૩, ગ્રા – ૬, ગુરૂદેવ કોમ્પલેક્ષ, સેલવાસ રોડ, ઈમરાન નગર, વાપી –૩૯૬૧૯૧. **શ્રી શાહનવાઝ લાયકએહમદ શેખ (જામીનદાર)** પ્લોટ નં. ૩૨/૬, મુ.પો.કરવડ, વલસાડ – ૩૯૬૦૦૧	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત શ્રી શાહનવાઝ લાયકએહમદ શેખ ના નામે આવેલ 'નાઝ પાર્ક' નામની સી બિલ્ડીંગ ના બોંયતળિયા ની દુકાન નં.૨, જેનુ માપ ૩૫.૦ ચો.ફુટ યાને ૩૨.૫૨ ચો.મી, દુકાન નં ૩, જેનુ માપ ૫૦૦ ચો.ફુટ યાને ૪૬.૪૬ ચો.મી, દુકાન નં. ૪, જેનું માપ ૫૦૦ ચો.ફુટ યાને ૪૬.૪૬ ચો.મી, અને દુકાન નં. ૧૧, જેનુ માપ ૩૫૦.૦૦ ચો.ફુટ યાન ૩૨.૫૨ ચો.મી છે.જે જમીનમાં પ્લોટ નં. ૨૦.૦૦ ચો.મી. ના વણવહેચાયેલ હિસ્સા સાથેનું બાંધકામ વલસાડ જીલ્લા ના વાપી તાલુકા ના મોજે ગામ કરવડ ખાતે એન.એ. થયેલ પ્લાટોન નં. ૭ થી ૨૦, માપ ૩૧૯૨.૧૩ ચો.મી ઉપર થયેલ છે.	અ) ૧૫.૦૧.૨૦૧૯ **બ) રૂા.૧,૪૭,૧૮,૬૦૨.૮૬ તા. ૩૧.૦૮.૨૦૨૫ ના રોજની** + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ ક) ૧૫.૦૭.૨૦૨૩ ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂા.૨૩.૬૦ બ) રૂા.૨.૫૦ ક) રૂા.૦.૨૫	PUNB717000 MARK જાણમાં નથી
૫	**પીએનબી : દેવકા બીચ દમણ (૭૧૭૦૦૦)** **મેસર્સ કેરી કોર્પોરેશન :** પ્લોટ નં. ૪૦, ૧લો માળ, દમણગંગા ઈન્ટસ્ટ્રીયલ પાર્ક, નુર વે – બ્રિજ પાસે, વાપી, તા.પારડી, જી. વલસાડ – ૩૯૬૧૯૧. **રસીદાબાનો નસીમ શેખ (જામીનદાર)** ગ્રા. ૬/બી, ફલેટ નં. ૧૩, ગુરૂદેવ કોમ્પલેક્ષ, ઈમરાન નગર, વાપી, જી. વલસાડ – ૩૯૬૧૯૧.	તમામ હક્ક અને હિત ધરાવતી નાઝ પાર્ક ના સી બિલ્ડીંગ બોંયતળીયાની કોમર્સીયલ દુકાન નં. ૧૩, ૧૪, ૧૫, અને ૧૬, જે એનએ થયેલ પ્લોટ નં. ૦૭, કોમ્પ્યુટરાઈઝ સર્વે નં.૩૩૭/પ્લોટ નં ૦૭, પ્લોટ નં.૦૮, કોમ્પ્યુટરાઈઝ સર્વે નં.૩૩૭/ પ્લોટ નં ૦૮, ૨૦.૦૦ ચો.મી. ના વણવહેચાયેલ હિસ્સા સહિત મોજે ગામ કરવડ, તા.વાપી, જી. વલસાડ ખાતે આવેલ છે. **(મિલકત ની માલિકી શ્રીમતી રશીદા નસીમ શેખની છે.)**	અ) ૧૮.૧૧.૨૦૧૯ **બ) રૂા.૧,૫૧,૬૫,૩૨૩.૬૬ તા. ૩૧.૦૮.૨૦૨૫ ના રોજની** + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ ક) ૦૪.૧૨.૨૦૨૧ ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂા.૨૨.૫૦ બ) રૂા.૨.૫૦ ક) રૂા.૦.૨૫	PUNB717000 CARRY જાણમાં નથી
૬	**પીએનબી : દેવકા બીચ દમણ (૭૧૭૦૦૦)** **મે.ગ્રીન ઈન્ડસ્ટ્રીઝ : શ્રીમતી શબનમ સલીમ શેખ (માલિક) :** સર્વે નં.૨૦૦/૧, ૨૩, ગાળા નં.૦૦૨, હિંગરાજ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, હાનીવાવાડ, હાતીવાવાડ ચેક પોસ્ટ પાસે, નાની દમણ અને : ગ્રા.૬, ફલેટ નં.૧૩, ગુરૂદેવ કોમ્પલેક્ષ, ઈમરાન નગર, સેલવાસ રોડ, વાપી **શ્રી સલીમ લાયકએહમદ શેખ (જામીનદાર)** ગ્રા.૬, ફલેટ નં.૧૩, ગુરૂદેવ કોમ્પલેક્ષ, ઈમરાન નગર, સેલવાસ રોડ, વાપી	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત નાઝ પાર્ક નામની 'બી' બિલ્ડીંગ, વિંગ 'બી' ના ગ્રાઉન્ડ ફલોરની કોમર્શીયલ દુકાન નં.૧, જેનું માપ આશરે ૭૦૦.૦૦ ચો.ફુટ યાને ૪૪.૪૬ ચો.મી. કોમર્શીયલ દુકાન નં.૨, જેનું માપ આશરે ૫૦૦.૦૦ ચો.ફુટ યાને ૪૬.૪૬ ચો.મી. જેની જમીનમાં ૨૦.૦૦ ચો.મી. ના વણવહેંચાયેલ હિસ્સા સહિત જેનું બાંધકામ એન.એ. થયેલ પ્લોટ નં.૭ થી પ્લોટ નં.૨૦, કુલ માપ ૩૧૯૨.૧૩ ચો.મી., અસલ સર્વે નં.૩૩૭, કુલ માપ ૨૫૧૯૨.૦૦ ચો.મી. મોજે ગામ કરવડ, તા.વાપી, જી.વલસાડ, ખાતે **શ્રીમતી શબનમ સલીમ શેખ ની માલિકીની આવેલ છે.**	અ) ૧૫.૦૧.૨૦૧૯ **બ) રૂા.૧,૩૪,૪૬,૪૮૬.૩૬ તા. ૩૧.૦૮.૨૦૨૫ ના રોજ** + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ ક) ૧૩.૦૭.૨૦૨૩ ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂા.૧૪.૦૦ બ) રૂા.૧.૪૦ ક) રૂા.૦.૨૫	PUNB7170001 જાણમાં નથી
૭	**પીએનબી : દેવકા બીચ, શાખા (૭૧૭૦૦૦)** **મેસર્સ આર.આર.પ્લાસ્ટ :** (માલીક) શ્રી રૂબી શાહનવાઝ શેખ : દુકાન નં. ૫–૬–૭, નાઝ પાર્ક, સી બિલ્ડીંગ, ખારવાડ, વાપી–જીઆર – ૬, ફલેટ નં. ૧૩, ગુરૂદેવ કોમ્પલેક્ષ, સેલવાસા રોડ, ઈમરાન નગર, વાપી. **શ્રી નસીમ લાયકહમેદ શેખ (જામીનદાર) :** જીઆર – ૬, ફલેટ નં. ૧૩, ગુરૂદેવ કોમ્પલેક્ષ, સેલવાસા રોડ, ઈમરાન નગર, વાપી.	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત નાઝ પાર્ક નામની બિલ્ડીંગ 'સી' ના બોયતળીયા ની દુકાન નં.૫ નું આશરે માપ ૫૦૦.૦૦ ચો.ફુટ એટલે કે ૪૬.૪૬ ચો.મીટર એન.એ પ્લોટ નં. ૭, સર્વે નં. ૩૩૭/ પ્લોટ નં. ૭ થી પ્લોટ નં. ૨૦ નો સર્વે નં. ૩૩૭/ પ્લોટ નં. ૨૦ કુલ પ્લોટ એરીયા નું માપ ૩૧૯૨.૧૩ ચો.મીટર સર્વે નં. ૩૩૭ કુલ એરીયા નું માપ ૨૫૨૯૩.૦૦ ચો.મી, કરવડ, વાપી **શ્રી નસીમ લાયકહમેદ શેખ ની માલીકી નો આવેલ છે.**	અ) ૨૩.૧૦.૨૦૧૮	અ) રૂા.૭.૦૯ બ) રૂા.૦.૭૧ ક) રૂા.૦.૧૦	જાણમાં નથી PUNB 717000RR05
		તમામ ભાગ અ